# પ્રચારક (પબ્લિસિસ્ટ)

પ્રચારક એવી વ્યક્તિ છે જે જાહેરાત, માર્કેટિંગ તેમજ જનસંપર્ક દ્વારા સંસ્થા, ઉત્પાદન અથવા વ્યક્તિની પ્રસિદ્ધિનો ફેલાવો કરે છે. પ્રચારક તેમના ગ્રાહકોનો પ્રચાર-પ્રસાર કરવા માટે જવાબદાર છે, મીડિયાનું ધ્યાન આકર્ષિત કરવા માટે પત્રકારો પાસે વિચારો રજૂ કરીને, સામાન્ય લોકોમાં તેમના ગ્રાહકોની એક આગવી ઓળખ/છબી બનાવવા માટે જવાબદાર છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે વર્તમાન ઘટનાઓ વિશે માહિતગાર રહો છો
- તમને સોશિયલ મીડિયાને સમજવા અને તેનું વ્યવસ્થાપન કરવામાં રૂચિ ધરાવો છો
- તમે પ્રસંગો કે કાર્યક્રમોનું આયોજન કરવામાં અને તેનો અમલ કરવાની ક્ષમતા ધરાવો છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩,૦૦,૦૦૦ થી ૭,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. અને ત્યારબાદ પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ, જન સંપર્કમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

પત્રકારિત્વ / માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો. ત્યારબાદ, જન સંપર્ક અને એડવર્ટાઇઝિંગ મેનેજમેન્ટમાં અનુસ્નાતક ડિપ્લોમા કરો.

પત્રકારિત્વ / પબ્લિક રિલેશન્સમાં સ્નાતકની ડિગ્રી માટે કૉલેજ / યુનિવર્સિટી સ્તરે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષાઓમાં પ્રાપ્ત યોગ્યતાના આધારે પ્રવેશ આપવામાં આવે છે. જનસંપર્ક અને એડવર્ટાઇઝિંગ મેનેજમેન્ટમાં પી.જી. ડિપ્લોમા માટે, કેટ,મેટ, એન.એન.એ.પી. આઈ.બી.એસ.એ.ટી., એમ.એ.એચ. સી.ઈ.ટી., ટી.એ.એન. સી.ઈ.ટી. વગેરે જેવી પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પ્રચારકનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૨૨,૦૦૦ થી ૪૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત : https://www.glassdoor.co.in/Salaries/publicist-salary-SRCH_KO0,9.htm

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સામયિકો, અખબારો, વ્યવસાયો, પ્રસિદ્ધિની જરૂર હોય તેવી વ્યક્તિઓ જેમ કે, અભિનેતાઓ, રમતવીરો વગેરે. રાજ્ય અને કેન્દ્ર સરકાર તેમજ ખાનગી ક્ષેત્રમાં નોકરીની તકો ઉપલબ્ધ હોય છે. તમે ફ્રીલાન્સ સેવાઓ આપવાનું પણ પસંદ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** પ્રચારક તરીકે, તમારે હંમેશા સક્રિય રહેવાની જરૂર પડશે અને સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ બની રહેશે. તમારે ટીમનું સંચાલન કરવાની જરૂર પડી શકે છે. તમારે અઠવાડિયાના ૬ થી ૭ દિવસ, રોજના ૧૦ થી ૧૨ કલાક જેટલો સમય આપવો પડી શકે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર હોઈ શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રચાર અધિકારી → વરિષ્ઠ પ્રચાર અધિકારી → ટીમ લીડ, પ્રચાર → પ્રચારના વડા → જનરલ મેનેજર → કંપનીના સી.ઈ.ઓ./વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પબ્લિસિસ્ટ, પબ્લિસિટી ઓફિસર, પબ્લિસિટી એક્ઝિક્યુટીવ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઓયુસીડબલ્યુ., કોટી - ઓસ્માનિયા યુનિવર્સિટી કોલેજ ફોર વુમન
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા (પી.જી. ડિપ્લોમા)
૪. મહારાણી લક્ષ્મીબાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગ્વાલિયર
૫. આઈ.આઈ.એસ.પી., ઈન્દોર (ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ પ્રોફેશનલ સ્ટડીઝ), દેવી અહિલ્યા યુનિવર્સિટી (પત્રકારિત્વ અને જનસંપર્કમાં એમ.બી.એ.ની ડિગ્રી ઉપલબ્ધ કરાવે છે.)
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. બી.જે.બી. ઓટોનોમસ કોલેજ, ભુવનેશ્વર
૮. પટના વિમેન્સ કોલેજ, પટના
૯. પોસ્ટ ગ્રેજ્યુએટ ગવર્મેન્ટ કોલેજ ફોર ગર્લ્સ, ચંદીગઢ
૧૦. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, (પી.જી. ડિપ્લોમા)

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એશિયન એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન (એ.એ.એફ.ટી.), નોઈડા (જનસંપર્કઅને ઈવેન્ટ્સમાં એમએની ડિગ્રી ઉપલબ્ધ કરે છે.)
૨. પી.એસ.જી. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોઈમ્બતુર
૩. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૪. વાય.એમ.સી.એ. ઈન્સ્ટિટ્યુટ ફોર મીડિયા સ્ટડીઝ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (પી.જી. ડિપ્લોમા)
૫. સેન્ટ જોસેફ કોલેજ, બેંગલુરૂ
૬. વિવેકાનંદ એજ્યુકેશન સોસાયટીની કોલેજ ઓફ આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ, મુંબઈ
૭. મહેન્દ્ર ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ સ્ટડીઝ, ખુર્દા
૮. સ્ટેલા મેરિસ કોલેજ, ચેન્નાઈ
૯. વિમેન્સ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ -
૧૦. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- એન.પી.ટી.ઈ.એલ.★ સ્વયમ: વિજ્ઞાપન અને જનસંપર્ક અભ્યાસક્રમ https://onlinecourses.swayam2.ac.in/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**બેલા રાજન:** સ્થાપક અને નિયામક, કેચમ સંપર્ક પબ્લિક રિલેશન્સ પ્રાઈવેટ લિમિટેડ, કાયદા અને પત્રકારત્વમાં અનુસ્નાતક એવા બેલા, મીડિયા અને કોમ્યુનિકેશન્સમાં બે દાયકાથી વધુનો અનુભવ ધરાવનાર વ્યાવસાયિક છે. તેણીએ પોતાની કારકિર્દીની શરૂઆત ભારતની પ્રથમ પબ્લિક રિલેશન કન્સલ્ટન્સી ફર્મ 'કોન્સિલિયમ' સાથે કરી હતી. વર્ષ ૧૯૯૪માં રાજન અને બેલાએ 'સંપર્ક'ની શરૂઆત કરી. આગળ જતા, 'કેચમ સંપર્ક'ની રચના કરવા માટે સંપર્કે, કેચમ ઈંક. સાથે સંયુક્ત સાહસમાં પ્રવેશ કર્યો જેમાં તેણી હજી પણ કોર્પોરેટ જગતમાં મુખ્ય ગ્રાહકોના વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે.*

સ્ત્રોત : https://reputationtoday.in/indias-top-10-women-in-public-relations/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.